# Signing of Concession Agreement for 600 MW Kholongchhu Hydroelectric Project in Bhutan

June 29, 2020

## ભૂટાનમાં 600 મેગાવોટની ખોલોન્ગછુ જળવિદ્યુત પરિયોજના માટે રાહત સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા

જૂન 29, 2020

1. 29 જૂન 2020 નાં રોજ થિમ્ફુમાં ભારત સરકારનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ભૂટાનની રાજવી સરકારનાં વિદેશ મંત્રી લાયોન્પો ડૉ. તાંડી દોરજીની વર્ચ્યુઅલ હાજરીમાં ભૂટાનની રાજવી સરકાર અને ખોલોન્ગચુ હાઇડ્રો એનર્જી લિમિટેડ વચ્ચે 600 મેગાવોટની ખોલોન્ગછુ (સંયુક્ત સાહસ) જળવિદ્યુત પરિયોજના માટેની રાહત સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વિડીયો કોન્ફરન્સ મારફત યોજવામાં આવેલા આ હસ્તાક્ષર કરવાનાં સમારંભમાં ભૂટાનની રાજવી સરકારનાં નાણામંત્રી લાયોન્પો લોકનાથ શર્મા અને ભારત અને ભૂટાનનાં વિદેશ સચિવો, ભારત સરકારનાં સચિવ (ઊર્જા), ભૂટાનમાં ભારતનાં રાજદૂત અને ભારતમાં ભૂટાનનાં રાજદૂત સહિતનાં સીનિયર સરકારી અધિકારીઓ હાજર રહ્યા હતા.

2. આ 600 મેગાવોટની વહેતી નદી પરની પરિયોજના પૂર્વિય ભૂટાનમાં ત્રાશિયાંગત્સે જીલ્લામાં ખોલોન્ગછુ નદીનાં નીચલા વહેણ પર સ્થિત છે. આ પરિયોજનામાં 95 મીટરની ઉંચાઇનાં કોંક્રીટ ગ્રેવિટી ડેમથી ધકેલાતા પાણી સાથે ચાર 150 મેગાવોટનાં અંડરગ્રાઉન્ડ પાવરહાઉસની કલ્પના કરવામાં આવી છે. તે ભૂટાનનાં ડ્રુક ગ્રીન પાવર કોર્પોરેશન (DGPC) અને ભારતનાં સતલુજ જલ વિદ્યુત નિગમ લિમિટેડ (SJVNL) વચ્ચે સંયુક્ત સાહસ તરીકે રચવામાં આવેલી ખોલોન્ગછુ હાઇડ્રો એનર્જી લિમિટેડ દ્વારા કાર્યરત કરવામાં આવશે. રાહત સમજૂતિ પર હસ્તાક્ષર કરવા સાથે ભારત અને ભૂટાન વચ્ચેની આ પ્રથમ સંયુક્ત સાહસ જળવિદ્યુત પરિયોજનાનાં બાંધકામની શરૂઆત અને અન્ય કામોનો પ્રારંભ થશે. આ પરિયોજના 2025 નાં બીજા ભાગમાં પૂર્ણ થવાનું અપેક્ષિત છે.

3. ભારતનાં વિદેશ મંત્રી અને ભૂટાનના વિદેશ મંત્રી એમ બન્નેએ પારસ્પરિક લાભદાયક દ્વિપક્ષીય આર્થિક સહકારનાં મહત્વનાં સ્તંભ તરીકે જળ વિદ્યુત વિકાસની અગત્યતા પર ભાર મૂક્યો હતો. તેઓએ ભારત અને ભૂટાન વચ્ચેની પારસ્પરિક સમજણમાં સંલગ્ન લાંબા સમયની લાક્ષણિકતા ધરાવતી અનન્ય અને વિશેષ મૈત્રી સાથેનાં વિશ્વાસ, સહકાર અને પારસ્પરિક આદર અને એકસમાન સાંસ્કૃતિક વારસો અને લોકો વચ્ચેનાં મજબૂત જોડાણોને પણ યાદ કર્યા હતા.

4. જળઊર્જા ક્ષેત્ર ભારત-ભૂટાન દ્વિપક્ષીય સહકારનું પ્રમુખ ક્ષેત્ર છે. અગાઉ ઓગસ્ટ 2019 માં ભારતનાં માનનિય વડાપ્રધાન અને ભૂટાનનાં માનનિય વડાપ્રધાન દ્વારા 720 મેગાવોટની માંગડેછુ જળવિદ્યુત પરિયોજનાનો સંયુક્ત રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે, દ્વિપક્ષીય સહકાર સાથેની ચાર (04) જળવિદ્યુત પરિયોજનાઓ (336 મેગાવોટની ચુકલા જળવિદ્યુત પરિયોજના, 60 મેગાવોટની કુરિછુ જળવિદ્યુત

પરિયોજના, 1020 મેગાવોટની તાલા જળવિદ્યુત પરિયોજના અને 720 મેગાવોટની માંગડેછુ જળવિદ્યુત જળવિદ્યુત પરિયોજના), કુલ 2100 મેગાવોટથી વધારે, હાલમાં ભૂટાનમાં કાર્યરત છે.

**નવી દિલ્હી**
**જૂન 29, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.